**ફોજદારી કેસ નંબરઃ 193788-2024**

**આક ૧ લગત હુકમ.**

આ કામના આરોપીઓ વિરૂદ્ધ જુગાર ધારાની કલમઃ૧૨ મુજબના ગુનાનું ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે જે કામે આરોપી આજરોજ નામદાર કોર્ટમાં હાજર થતા સદરહૂ ગુન્હો કબુલ કરી પ્રથમ ગુન્હો હોવાનુ તથા ગરીબ કુટુબકબીલાવાળા માણસ હોવાનુ જણાવે છે અને ભવિષ્યમાં આવો કે આવા પ્રકારનો ગુન્હો ન કરવાની કોર્ટને બાંહેધરી અને ખાત્રી આપે છે અને આરોપી દ્વારા જણાવવામા આવેલ છે કે હવે આવી ભુલ નહી થાય, અને ભુલથી આ બનાવ બનેલ છે જે અન્વયે રહેમ નજર કરવા અરજ કરેલ છે.

આરોપી દ્વારા સદર કબુલાત સ્વૈચ્છીક કરવામા આવેલ છે તેમ જણાય આવેલ છે અને આરોપી સામેના ગુનાનો પ્રકાર ધ્યાને લેતા હાલના તબક્કે આરોપીને એક વખત સુધરવાની તક આપવી ન્યોયોચીત જણાય આવે છે, જે અન્વયે સદર કામે આરોપી તર્ફે કરવામાં આવેલ કબુલાત ધ્યાને લેતા તેમજ સદર આરોપી સામેના ગુનાનો પ્રકાર ધ્યાને લેતા અને આરોપી દ્વારા જણાવવામાં આવતા સંજોગો અન્વયે અને કેસના સંજોગોને ધ્યાનમાં લઈ ન્યાયના હિતમાં નિચે મુજબનો આખરી હુકમ કરૂ છુ.

**– હુ ક મ –**

૧. આ કામના આરોપીઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમઃ૨૭૫ અન્વયે જુગાર ધારાની કલમઃ૧૨ મુજબનાં ગુનામાં દોષિત ઠરાવી, મજકુર દરેક આરોપીને રૂા.**૨૦૦/– (**અંકે રૂપીયા **બસો** પુરા) દંડ કુલ દંડ રૂા.૮૦૦/– (અંકે રૂપીયા આઠસો) કરવામાં આવે છે જો દંડ ન ભરે તો તેને વધુ દિવસ **બે** ની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે.

૨. મુદ્દામાલ પાવતીમાં દર્શાવેલ મુદ્દામાલ બાબતે જો કોઈ વચગાળાની કસ્ટડીનો હુકમ કરવામાં આવેલ હોય તો તે હુકમ આથી કાયમ કરવામાં આવે છે. જ્યારે મુદ્દામાલ પાવતીમાં દર્શાવેલ મુદ્દામાલ ગંજીપાના અપીલ સમય વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે. જ્યારે મુદ્દામાલ ચલણી નાણાં શ્રીસરકાર ખાતે જમા કરાવવાનો હુકમ કરવામાં આવે છે.

**આ હુકમ આજરોજ યોજાયેલ લોક અદાલતમાં સ્પેશ્યલ સીટીંગ અન્વયે ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.**

મુકામઃઅમદાવાદ શહેર

તા.૧૪/૧૨/૨૦૨૪.

(દેવાંગ ચંદ્રવદન રાવલ)
૩૯માં, એડી.ચીફ.જ્યુડિશીયલ મેજિસ્ટ્રેટ,
કોર્ટ નંબર–૦૯. અમદાવાદ શહેર
Unique Code No. GJO1209.